ટેલિફોન : ૨૬૩૦૧૩૩૩
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
એસ્ટેટ વિભાગ
રૂમ નંબર-૧,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Phone : 26301333
FAX : (079) 26302623, 26308194
Estate Department,
Room No. 1
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).
Email :
Email : guastate@gmail.com

તા. /03/૨૦૧૭

ગુજરાત યુનિવર્સીટી બાંધકામ સમિતિની એક સભા તા. ૧૫ /03/૨૦૧૭ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે યુનિવર્સીટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા. કા. કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડ્યા સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

(૧) મા. કા. કુલપતિશ્રી
ડૉ. હિમાંશુ પંડ્યા - હાજર

(૨) શ્રી મહેશભાઈ કસવાલા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૩) શ્રી પંકજભાઈ શુક્લા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૪) શ્રી વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૫) શ્રી ડૉ. ધવલભાઈ પટેલ
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી
માર્ગ અને મકાન વિભાગ - હાજર
(રાજ્ય સરકારશ્રી)

બાબત ક્રમાંક: (૧) તા. ૧૭/૦૧/૨૦૧૭ ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૧)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એકઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, તા. ૧૭/૦૧/૨૦૧૭ ની બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક: (૨)** રાજ્ય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૬-૧૭ ની નવીનીકરણ, સમારકામના કામોની મળેલ ગ્રાન્ટ રૂ. ૩૧ કરોડમાં સમાવિષ્ટ કામો પૈકી બોટનીકલ ગાર્ડન નવીનીકરણ, ગ્લાસ હાઉસ, છાયાઘર, કૃત્રિમ તળાવ, સિંચાઈ સુવિધા, જરૂરી ઇલેક્ટ્રિસીટી વિગેરે બોટનીકલ ગાર્ડનના યોગ્ય રક્ષણના કામ માટે રૂ. ૩૦૦ લાખની જોગવાઈથી કામ મંજૂર થયેલ છે. આ કામના નકશા અંદાજ તેમજ પ્લાનીંગ કરવા કન્સલ્ટન્ટશ્રીને કામ સુપરત કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૨)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, બોટનીકલ ગાર્ડનના નવીનીકરણ તેમજ અન્ય કામગીરી અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી વિગતવાર પ્લાન, અંદાજો તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું. તેમજ જરૂર જણાય તો અન્ય ઉદાહરણરૂપ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોટનીકલ ગાર્ડનની બિલ્ડીંગ કમિટીના સભ્યશ્રીઓ, અન્ય સિન્ડીકેટના સભ્યશ્રીઓ અને વિષયના અધ્યાપકશ્રીઓની મુલાકાતો ગોઠવી માર્ગદર્શન પણ મેળવવું.

**બાબત ક્રમાંક: (૩)** રાજ્ય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૬-૧૭ ની નવીનીકરણ, સમારકામના કામોની મળેલ ગ્રાન્ટ રૂ. ૩૧ કરોડમાં સમાવિષ્ટ કામો પૈકી યુનિવર્સીટી ખાતે અગ્નિશામકની કામગીરી માટે રૂ. ૨૦૦ લાખની જોગવાઈથી કામ મંજૂર થયેલ છે. આ કામમાં ફાયરસેફટી સાધનો લગાવવાનું કામ તેમજ તમામ જુના અને નવા વિભાગોના મકાનો માટે બી.યુ. પરમીશન લેવાની કામગીરી કરાવવાનો નિર્ણય ગ્રાન્ટ યુટીલાઈઝેશન કમિટીની મીટીંગ તા. ૩૧/૧૨/૨૦૧૬માં થયેલ છે. આ કામના નકશા અંદાજ તેમજ પ્લાનીંગ કરવા કન્સલ્ટન્ટશ્રીને કામ સુપરત કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૩)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પરના જરૂરી મકાનોમાં અગ્નિશામકની કામગીરી તથા ફાયરસેફટીની કામગીરી કરાવવા અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી

યુનિવર્સીટીના મકાનોનો સર્વે કરાવીને આ કામગીરીના વિગતવાર અંદાજો તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરવા અને બી.યુ. પરમીશન લેવા માટે સૂચિત કામગીરી અહેવાલ અને બ્લોક અંદાજ તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક: (૪)** રાજ્ય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૬-૧૭ ની નવીનીકરણ, સમારકામના કામોની મળેલ ગ્રાન્ટ રૂ. ૩૧ કરોડમાં સમાવિષ્ટ કામો પૈકી આરોગ્ય કેન્દ્રમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર આંતરીક અને અન્ય જરૂરી સુવિધા માટે સાધનો મરામત અને નવીનીકરણના કામ માટે રૂ. ૧૫૦ લાખની જોગવાઈથી કામ મંજુર થયેલ છે. આ કામના નકશા અંદાજ તેમજ પ્લાનીંગ કરવા કન્સલ્ટન્ટશ્રીને કામ સુપરત કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૪)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી આરોગ્ય કેન્દ્રમાં જરૂરી ઇન્ટીરીયરના કામો, અન્ય જરૂરી સુવિધા, રીનોવેશન વિગેરે કામગીરી કરાવવા અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી વિગતવાર અંદાજો, પ્લાન તેમજ ઈ-ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું. સાધનો વિગેરેની ખરીદી ઈ-ટેન્ડર પ્રક્રિયા મારફતે કરવી.

**બાબત ક્રમાંક: (૫)** રાજ્ય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૬-૧૭ ની નવીનીકરણ, સમારકામના કામોની મળેલ ગ્રાન્ટ રૂ. ૩૧ કરોડમાં સમાવિષ્ટ કામો પૈકી કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ (સી.ડી.સી.), વહીવટી બિલ્ડીંગ, પ્લેસમેન્ટ ઓફીસ જીર્ણોદ્ધારના કામ માટે રૂ. ૫૦ લાખની જોગવાઈથી કામ મંજુર થયેલ છે. આ કામના નકશા અંદાજ તેમજ પ્લાનીંગ કરવા કન્સલ્ટન્ટશ્રીને કામ સુપરત કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૫)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ (સી.ડી.સી.), વહીવટી બિલ્ડીંગ, પ્લેસમેન્ટ ઓફીસ જીર્ણોદ્ધારના કામ વિગેરે કામગીરી કરાવવા અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી વિગતવાર અંદાજો, પ્લાન તેમજ ઈ-ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૬) પ્રાપ્ય માહિતી અનુસાર યુનિવર્સીટી વિભાગોના મકાન તેમજ અન્ય મકાનો પૈકી ઘણા મકાનો ૩૫-૬૦ વર્ષ કરતા પણ વધુ સમય પહેલા બાંધકામ થયેલા છે. મકાનની ઉંમરને કારણે અમુક મકાનોમાં structural distressing જણાય છે. તેથી આવા મકાનો વપરાશ યોગ્ય છે કે કેમ તેનો સર્વે કરવો જરૂરી છે. આ માટે માન્ય Structural Engineer નો Utilization Advisory Report મેળવવો અનિવાર્ય છે. આ પ્રકારનો રીપોર્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં Structural Engineer નું લાઇસન્સ ધરાવતા ઈજનેર પાસેથી મેળવવો જરૂરી છે. આ રીપોર્ટમાં આનુસંગિક બાબતોની સ્પસ્ટતા કરવાની રહે જેમકે (૧) તદ્દન જોખમી પ્રકારનું મકાન કે જે તાત્કાલિક અસરથી ખાલી કરવું જરૂરી હોય (૨) આંશિક જોખમી મકાન કે જેનો વપરાશ તાત્કાલિક બંધ કરવો જરૂરી જણાતો હોય (૩) જોખમ હોય પરંતુ સલામતીના પગલા લઇ કામચલાઉ વપરાશ કરી શકાય હોય તેવા બાંધકામો.
ઉપરોક્ત હકીકતની વિગતે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પરના અંદાજે ૩૫ થી ૪૦ વર્ષ જુના મકાનોમાં સ્ટ્રકચરલ ડેમેજ થયેલ છે કે કેમ? તે અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ તેમજ અન્ય માન્ય એજન્સી પાસેથી યુનિવર્સીટીના મકાનોનો સર્વે કરાવીને તેનો વિગતવાર રીપોર્ટ અને ભલામણો મેળવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૭) ટોઇલેટ રીનોવેશનનું કામ ઈજારદારશ્રી અમિત એન. શાહને તા. ૧૦/૦૭/૨૦૧૫ ના વર્ક ઓર્ડરથી આપવામાં આવેલ હતું. ઈજારદારશ્રી દ્વારા તેઓને જે તે સ્ટેજે કામ ફાઈનલ કરી તેઓની સિક્યુરિટી ડીપોઝીટ પરત કરવા વારંવાર રજૂઆત કરવામાં આવે છે. આ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૭) આ બાબતે ચર્ચા વિચારણામાં જણાયું કે, અમિત એન. શાહને આપેલ કામ ટેન્ડર શરત અનુસાર તા. ૦૯/૦૭/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. ટેન્ડરમાં મુખ્યત્વે ટોઇલેટની આંતરિક બાબતોનો સમાવેશ કરેલ તે મુજબ જરૂરિયાતવાળી જગ્યાએ તે કામગીરી કરવામાં આવેલી છે. બાકી રહેતી ટોઇલેટ રીનોવેશનની કામગીરી માટે કન્સલ્ટન્ટની સલાહ મુજબ મુખ્ય ડ્રેનેજ લાઈન તેમજ અન્ય જરૂરી નવા આયામોના અનુમાનો કાઢ્યા બાદ જ બાકીની રીનોવેશનની કામગીરી હાથ પર લેવી યોગ્ય જણાય છે. જેથી જે તે સ્ટેજના કામને ફાઈનલ ગણી, ટેન્ડરની શરતો મુજબ કોન્ટ્રાક્ટરને સિક્યોરિટી ડીપોઝીટની રકમ પરત કરવા, જરૂરી બાંહેધરી

લઇ આવનાર EC માં આ અંગે જરૂરી મંજૂરી મેળવીને કોન્ટ્રાક્ટર અમિત એન. શાહ દ્વારા થયેલ કામગીરી ફાઈનલ કરવા તેમજ તેઓની આ કામની સિક્યોરિટી ડીપોઝીટ રકમ ટેન્ડરની શરતો મુજબ પરત કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૮) બોઈઝ હોસ્ટેલમાં પંપ રૂમનું કામ માઈલસ્ટોન કન્સ્ટ્રકશન કંપનીને તા. ૦૬/૧૧/૨૦૧૫ ના વર્ક ઓર્ડરથી આપવામાં આવેલ છે. ટેન્ડરની શરત મુજબ આ કામ તા. ૦૫/૦૩/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. ઈજારદારશ્રી દ્વારા હોસ્ટેલના ધાબા પર પાણીની ટાંકીઓ મૂકી પાણીનું કનેક્શન આપવાનું બાકી છે. ઈજારદારશ્રીના જણાવ્યા અનુસાર આ કામના કન્સલ્ટન્ટશ્રીના મંતવ્ય મુજબ આ મકાનોનું સમારકામ કર્યા સિવાય ધાબા ઉપર ટાંકી મુકવી જોખમ કારક છે. તેથી ઈજારદારશ્રી તેમનું કામ જે તે સ્ટેજે ફાઇનલ કરી તેઓને કામમાંથી મુક્ત કરવા અને સિક્યુરિટી ડીપોઝીટ પરત કરવા રજૂઆત કરે છે. આ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૮) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, હાલ યુનિવર્સીટી બોઇઝ હોસ્ટેલના મકાનોની મરામત કામગીરી ચાલતી હોઈ અને તેમાં સમય લાગે તેમ હોઈ હાલમાં ધાબા ઉપર પાણીની ટાંકીઓ મૂકી વજન વધારવું હિતાવહ ન હોવાથી, જે અંગે નવી પાણીની લાઈન, ગટર તેમજ ડ્રેનેજના કામના અંદાજો સાથે નવેસરથી કામ હાથ પર લેવું ઘટે. જેથી કન્સલ્ટન્ટની સલાહ મુજબ જે તે સ્ટેજના કામને ફાઈનલ ગણી, ટેન્ડરની શરતો મુજબ કોન્ટ્રાક્ટરને સિક્યોરિટી ડીપોઝીટની રકમ પરત કરવા, જરૂરી બાંહેધરી લઇ આવનાર EC માં આ અંગે જરૂરી મંજૂરી મેળવીને કોન્ટ્રાક્ટર માઈલસ્ટોન કન્સ્ટ્રકશન કંપની દ્વારા થયેલ કામગીરી ફાઈનલ કરવા તેમજ તેઓની આ કામની સિક્યોરિટી ડીપોઝીટ રકમ ટેન્ડરની શરતો મુજબ પરત કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૯) માઈલસ્ટોન કન્સ્ટ્રકશન દ્વારા સ્ટ્રીટ સ્કેપનું કામ કરવામાં આવેલ છે. યુનિવર્સીટી – PRL રોડ પર એલ. ડી. એન્જીનીયરીંગ કમ્પાઉન્ડ વોલની બાજુમાં લારી-ગલ્લાને કારણે તેટલા ભાગમાં કામ થઇ શકેલ નથી. કામની સમય મર્યાદા પૂર્ણ થઈ ગયેલ છે. તેથી ઈજારદારશ્રી જે તે સ્ટેજે કામને ફાઇનલ કરી તેમને છુટા કરવા રજૂઆત કરે છે. આ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૯) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી સામે એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજની સમાંતર દીવાલ પર લારી-ગલ્લા વગેરેનું દબાણ હોઈ, હવે આગળની સ્ટ્રીટ સ્કેપની કામગીરી કરી શકાય તેમ ન હોઈ, જેથી જે તે સ્ટેજના કામને ફાઈનલ ગણી, ટેન્ડરની શરતો મુજબ કોન્ટ્રાક્ટરને સિક્યોરિટી ડીપોઝીટની રકમ પરત કરવા, જરૂરી બાંહેધરી લઇ આવનાર EC માં આ અંગે જરૂરી મંજૂરી મેળવીને કોન્ટ્રાક્ટર માઈલસ્ટોન કન્સ્ટ્રક્શન કંપની દ્વારા થયેલ કામગીરી ફાઈનલ કરવા તેમજ તેઓની આ કામની સિક્યોરિટી ડીપોઝીટ રકમ ટેન્ડરની શરતો મુજબ પરત કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૦) PMP Infrastructure દ્વારા યુનિવર્સીટીના વિવિધ મકાનોમાં વોટરપ્રૂફીંગનું કામ કરવામાં આવેલ છે. આ કામના ચોથા રનીંગ બિલમાં કામની કુલ વર્ક ઓર્ડરની રકમ કરતા બિલની રકમ વધી જતા રૂ. ૨૪,૭૯,૨૨૪ ની રકમ ચુકવવામાં આવેલ નથી. ટેન્ડર શરત અનુસાર સર્વિસ ટેક્ષની રકમ અલાયદી ચુકવવાની જોગવાઈ છે જે વર્ક ઓર્ડર રકમમાં યોગ્ય ગણિત કરેલ ન હોવાથી આ વધારો જણાય છે. બાંધકામ સમિતિની સભા તા. ૨૫/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક ૨૮.03 પ્રમાણે સમિતિના ઠરાવોમાં સર્વિસ ટેક્ષના ખર્ચનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોય તેમાં ઈ-ટેન્ડરની શરત અને ઓડીટને આધિન ખર્ચ કરવાનું ઠરાવેલ છે. આ ઠરાવની ભલામણ તા. ૧૪/૧૦/૨૦૧૬ ની એક્ઝયુકેટીવ કાઉન્સિલમાં સ્વીકારવામાં આવેલ છે. તેથી જમા રાખેલ રકમ ચૂકવી આપવા અને પાંચમા ફાઈનલ બિલ પ્રમાણેની બાકી રકમ અંદાજીત રૂ. ૬૦ લાખ ચૂકવી આપવા ઈજારદારશ્રી વારંવાર રજૂઆત કરે છે. ગત ચોમાસા બાદ અમુક મકાનોમાં લીકેજની ફરિયાદો મળેલ છે. ઉપરાંત આ કામની Initial Security Deposit કે જે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની બેંક ગેરંટી સ્વરૂપે રૂ. ૧૬,૪૬,000 ની છે. તેની મુદત તા. ૩૧/03/૨૦૧૬ ના રોજ પૂર્ણ થઇ ગયેલ છે. જે ધ્યાને લઇ આ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૦) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝયુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પરના મકાનોમાં વોટરપ્રૂફીંગની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર PMP Infratech Pvt. Ltd દ્વારા રનીંગ બિલ ૪ (ચાર) માં વર્ક ઓર્ડરની રકમ કરતા બિલની રકમ રૂ. ૨૪,૭૯,૨૨૪ વધી જતા તે કપાત કરીને ચુકવણું કરવામાં આવેલ છે. વર્ક ઓર્ડરની રકમમાં સર્વિસ ટેક્ષની રકમનો

સમાવેશ થતો નથી. ટેન્ડર શરત અનુસાર સર્વિસ ટેક્ષની રકમ આપવી ઘટે જે અગાઉ બાંધકામ સમિતિની તા. ૨૫/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક ૨૮.૦૩ પ્રમાણે થયેલ ઠરાવ મુજબ સર્વિસ ટેક્ષની રકમ ચૂકવી આપવા ઠરાવેલ હોઈ આ કપાત કરેલ રકમ રૂ. ૨૪,૭૯,૨૨૪ કે જે કન્સલ્ટન્ટ તેમજ સી. એ. દ્વારા પ્રમાણિત થયેલ હોઈ, ટેન્ડરની શરત મુજબ પાંચ વર્ષની ગેરંટી બાબતે જરૂરી બાંહેધરી મેળવીને આવનાર EC માં આ અંગે જરૂરી મંજુરી મેળવીને, તે ચુકવણું કરવાનું રાખવું તેમજ પાંચમા રનીંગ અને ફાઈનલ બિલ અંગે કન્સલ્ટન્ટ મોકા-ડેલ્ક દ્વારા ટેન્ડરની શરતો મુજબ પ્રમાણિત થયા બાદ આગામી સભા સમક્ષ બાબત મુકવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૧) ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ ખાતે હોસ્ટેલોના રીનોવેશનના કામે કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૨ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૯,૪૪,૦૦,૦૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૭,૭૩,૭૭,૯૪૨ + સર્વિસ ટેક્ષ એજન્સી P. R. Patel & Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝયુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી હોસ્ટેલોના રીનોવેશનના કામો અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા મંગાવેલા અને આવેલા ટેન્ડરો પૈકી યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્રિ-ક્વોલિફાઈડ થયેલ બે ઈજારદારશ્રીઓ પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર (L1) ઈજારદારશ્રી P. R. Patel & Co. ના કુલ રૂ. ૭,૭૩,૭૭,૯૪૨ ( રૂપિયા સાત કરોડ તોત્તેર લાખ સીત્યોતેર હજાર નવસો બેતાલીસ પુરા) + સર્વિસ ટેક્ષનો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ ઈજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું રાખવું. વધુમા આ ખર્ચ રાજ્ય સરકારશ્રીની નવીનીકરણની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૫-૧૬ માં મળેલ રૂ. ૯ કરોડની ગ્રાન્ટ ખાતે પાડવાનું રાખવું. આ કામ માર્ગ અને મકાન વિભાગ મારફતે કરાવવાનું હતું, પરંતુ કાર્યપાલક ઈજનેર, નવરંગપુરા (મા. મ.) વિભાગ અમદાવાદ દ્વારા તેમના પત્ર ક્રમાંક પીબી/૧૫૦/૨૦૧૭ તા. ૨૧/૦૧/૨૦૧૭ થી

જણાવ્યા અનુસાર આ કામ તેમનાથી હાથ ધરી શકાય તેમ ન હોવાથી યુનિવર્સીટીએ ટેન્ડર મંગાવેલ છે.

બાબત ક્રમાંક: (૧૨) ગુજરાત યુનિવર્સીટીના વહીવટી મકાન ખાતે એડમીન વિંગના રીનોવેશનના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૧ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૨,૯૩,૭૪,૩૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૨,૫૭,૪૫,૩૪૦ + સર્વિસ ટેક્ષ એજન્સી Karan Construction Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટીના ટાવર બિલ્ડીંગમાં એડમીન વિંગના રીનોવેશનની કામગીરી અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા મંગાવેલા અને આવેલા ફક્ત એક ટેન્ડર પૈકી યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્રિ-ક્વોલિફાઈડ થયેલ એક ઈજારદારશ્રી Karan Construction Co. ના રૂ. ૨,૫૭,૪૫,૩૪૦ (રૂપિયા બે કરોડ સત્તાવન લાખ પિસ્તાલીસ હજાર ત્રણસો ચાલીસ પુરા) + સર્વિસ ટેક્ષનો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ ઈજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું રાખવું. વધુમા આ ખર્ચ રાજ્ય સરકારશ્રીની નવીનીકરણની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૬-૧૭ માં મળેલ રૂ. ૨.૩૫ કરોડ (બજેટ કોડ ૪૦૧૧૭૨ તથા ૪૦૧૧૭૪) ખાતે પાડવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૩) ગુજરાત યુનિવર્સીટી ખાતે યુનિવર્સીટીના વિવિધ ભવનોમાં ICT Enable Smart Class Room ના રીનોવેશનના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૨ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૧૨,૩૬,૦૩,૨૫૧ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૧૦,૮૦,૨૯,૮૮૦ + સર્વિસ ટેક્ષ એજન્સી P. R. Patel & Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૩) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટીના વિવિધ ભવનોમાં ટીપીકલ સ્માર્ટ ક્લાસ રૂમના રીનોવેશનના કામો અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા મંગાવેલા અને આવેલા ટેન્ડરો પૈકી યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્રિ-ક્વોલિફાઈડ થયેલ બે ઈજારદારશ્રીઓ પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર (L1) ઈજારદારશ્રી P. R. Patel & Co. ના કુલ રૂ. ૧૦,૮૦,૨૯,૮૮૦ (રૂપિયા દસ કરોડ એંશી લાખ ઓગણત્રીસ હજાર આઠસો એંશી પુરા) + સર્વિસ ટેક્ષનો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ ઈજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું રાખવું. વધુમા આ ખર્ચ યુજીસીમાંથી મળેલ રૂ. ૧ કરોડ + RUSA માંથી મળેલ રૂ. ૧.૭૫ કરોડ ઉપરાંત વધારાનો થનાર ખર્ચ (૪.૫ કરોડની મર્યાદામાં) વર્ષ ૨૦૧૭-૧૮ માં યુનિવર્સીટી બજેટમાં નવા બાંધકામમાં થયેલ ઇનડોર બિલ્ડીંગ કોમ્પ. કામમાંથી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૪) ગુજરાત યુનિવર્સીટી ખાતે સ્ટાફ ક્વાટર્સના રીનોવેશનના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૪ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૭,૨૭,૦૦,૦૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૬,૪૨,૬૨,૦૨૨ + સર્વિસ ટેક્ષ એજન્સી P. R. Patel & Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૪) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટીના સ્ટાફ ક્વાટર્સના રીનોવેશનના કામો અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા મંગાવેલા અને આવેલા ટેન્ડરો પૈકી યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્રિ-ક્વોલિફાઈડ થયેલ ચાર ઈજારદારશ્રીઓ પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર (L1) ઈજારદારશ્રી P. R. Patel & Co. ના કુલ રૂ. ૬,૪૨,૬૨,૦૨૨ (રૂપિયા છ કરોડ બેતાલીસ લાખ બાસઠ હજાર બાવીસ પુરા) + સર્વિસ ટેક્ષનો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ ઈજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું રાખવું. વધુમા આ ખર્ચ રાજ્ય સરકારશ્રીની નવીનીકરણની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૬-૧૭ માં મળેલ રૂ. ૭ કરોડની (બજેટ કોડ ૪૦૧૧૬૮) ખાતે પાડવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૫) ગુજરાત યુનિવર્સીટી ખાતે મેથેમેટિક્સ અને સ્ટેટેસ્ટિકસ વિભાગના મકાનના બાંધકામના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૩ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૧૫,૦૮,૨૭,૦૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૧૨,૩૯,૬૯,૩૩૪ + સર્વિસ ટેક્ષ એજન્સી P. R. Patel & Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૫) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટીના મેથેમેટિક્સ અને સ્ટેટેસ્ટિકસ વિભાગના નવા મકાનના બાંધકામના કામો અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપીને બીજી વખત ઈ-ટેન્ડર દ્વારા મંગાવેલા અને આવેલા ટેન્ડરો પૈકી યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્રિ-ક્વોલિફાઈડ થયેલ ત્રણ ઈજારદારશ્રીઓ પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર (L1) ઈજારદારશ્રી P. R. Patel & Co. ના કુલ રૂ. ૧૨,૩૯,૬૯,૩૩૪ (રૂપિયા બાર કરોડ ઓગણચાલીસ લાખ અગણ્યોસિત્તેર હજાર ત્રણસો ચોત્રીસ પુરા) + સર્વિસ ટેક્ષનો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ ઈજારદારશ્રીને કામગીરી ચાલુ કરવા વર્ક ઓર્ડર આપવાનું રાખવું. વધુમાં આ ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ ના પુન: નિર્મિત યુનિવર્સીટી બજેટની વણવપરાયેલ રૂ. ૨.૧૮ કરોડ તથા વર્ષ ૨૦૧૭-૧૮ ના યુનિવર્સીટી બજેટની રૂ. ૪.૩૬ લાખની જોગવાઈ નવા બાંધકામ બાબત (H) માંથી કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૧૬) ગુજરાત યુનિવર્સીટી ખાતે આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટર અને અન્ય વિભાગના વિસ્તરણના કામે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા પ્લાન એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૨ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૫,૩૭,૩૬,૭૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૪,૬૧,૨૦,૭૮૨ + સર્વિસ ટેક્ષ એજન્સી Tripur Builders ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૬) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, હાલ આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરની આ બાબત મુલત્વી રાખવી અને ટેન્ડરના મુસદ્દાના જ ભાગરૂપ માઈક્રો-બાયોલોજી અને લાઈબ્રેરીના રીનોવેશનનો અંદાજીત ખર્ચ અનુક્રમે રૂ. ૩૫,૭૧,૦૧૧ + રૂ. ૨૭,૫૭,૭૮૨ = કુલ અંદાજીત ખર્ચ રૂ. ૬૩,૨૮,૭૯૩ (રૂપિયા ત્રેસઠ લાખ અઠ્ઠાવીસ હજાર સાતસો ત્રાણું) L1 કોન્ટ્રાક્ટરને મંજુર હોય તો તે નક્કી કરી, યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા આ બે કામના BOQ બનાવી જે રકમ આવે તે ટેન્ડરની શરતો પ્રમાણે મંજુર રાખી L1 ને વર્ક ઓર્ડર આપવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી. આ ખર્ચ યુનિવર્સીટી બજેટ ૨૦૧૭-૧૮ ના નવા બાંધકામમાં લાઈબ્રેરી લર્નિંગના હેડ ખાતે પડશે.

બાબત ક્રમાંક: (૧૭) ગુજરાત યુનિવર્સીટી ખાતે વિવિધ ભવનો તેમજ કેમ્પસની હાઉસ કીપીંગની વાર્ષિક કામગીરીના કામે એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૬ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૨,૦૦,૦૦,૦૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૧,૮૩,૨૧,૪૫૬ + સર્વિસ ટેક્ષ એજન્સી Hardik Construction Co. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૭) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી ખાતે વિવિધ ભવનો તેમજ કેમ્પસની હાઉસ કીપીંગની કામગીરી અંગેના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટની બાબત હાલમાં ચાલતા મોટા પાયે રીનોવેશનની કામગીરી તેમજ નવીનીકરણના ભાગરૂપ વિકાસ કાર્યોને ધ્યાને લઇ હાલ મોકૂફ રાખવી અને નવેસરથી ટેન્ડર કરવા અંગે સફાઈ ટેન્ડરમાં સરકારશ્રીના મીનીમમ ચૂકવણાના ધારાધોરણો તેમજ નવી સવલતોનો ઉમેરો કરવાનો થાય તેમજ યુનિવર્સીટી કાર્યાલય અને ભવનો વિગેરેમાં સફાઈ કામદારોની ફાળવણી માટે એક પોલિસી બનાવવી અને પર્યાવરણના સાંપ્રત ધારાધોરણો વગેરેનો પણ નવી ટેન્ડર પ્રક્રિયામાં સમાવેશ કરવાનું રાખવું. ત્યાં સુધી હાલમાં કાર્યરત પ્રક્રિયા પ્રમાણે કાર્યવાહી કરવી અને સત્વરે આ અંગે નવેસરથી ટેન્ડરની પ્રક્રિયા કરવી.

બાબત ક્રમાંક: (૧૮) ગુજરાત યુનિવર્સીટી ખાતે વિવિધ ભવનો તેમજ કેમ્પસમાં આવેલ ગાર્ડન મેન્ટેનન્સની વાર્ષિક કામગીરીના કામે એસ્ટીમેટ તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરી,

યુનિવર્સીટી દ્વારા ઈ-ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. જે મુજબ પ્રિ-ક્વોલિફાય થયેલ ૪ ઈજારદારશ્રી પૈકી આ કામ માટેના અંદાજ રૂ. ૪૦,૦૦,૦૦૦ સામે સૌથી ઓછો ભાવ (L1) રૂ. ૩૯,૩૬,૦૦૦ + સર્વિસ ટેક્ષ એજન્સી Samvit Build Care Pvt. Ltd. ના આવેલ છે. જે પરત્વે એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૮) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પર આવેલ ગાર્ડન મેન્ટેનન્સનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવાની બાબત હાલ મુલત્વી રાખવી અને આ અંગે હાલ યુનિવર્સીટી કેમ્પસ પરના ભવનો, સ્ટાફ ક્વાટર્સ તેમજ નવા રોડ રસ્તાઓ-ગેટ વગેરેની ખુબ જ મોટા પાયે રીનોવેશન વિગેરેની કામગીરી ચાલુ હોઈ તેમજ હાલના નક્કી કરેલા ગાર્ડન તેમજ લેન્ડસ્કેપિંગના સ્થળ, સાઈઝ વગેરેમાં ફેરફાર થતા હોઈ આ ટેન્ડર પ્રક્રિયા નવેસરથી કરવાનું રાખવું. ત્યાં સુધી હાલમાં કાર્યરત પ્રક્રિયા પ્રમાણે કાર્યવાહી કરવી અને સત્વરે આ અંગે નવેસરથી ટેન્ડરની પ્રક્રિયા કરવી.

બાબત ક્રમાંક: (૧૯) ગુજરાત યુનિવર્સીટી ખાતે આવેલ કેન્ટીન ચલાવવાની વાર્ષિક કામગીરીના કામે ટેન્ડર મુસદ્દો તૈયાર કરી, યુનિવર્સીટી દ્વારા ઓફ લાઈન ટેન્ડર પ્રક્રિયા, વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી કરવામાં આવેલ. આ કામે એકમાત્ર એજન્સી Jay Ambe Caterers ભાવ પત્રક ભરેલ છે. જે ધ્યાને લઇ એજન્સીને વર્ક ઓર્ડર આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧૯) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી કેન્ટીન ચલાવવાની વાર્ષિક કામગીરી અંગે ફક્ત એક જ વેપારીનું ટેન્ડર આવેલ હોઈ, અન્ય નામાંકિત સંસ્થાઓમાં ચાલતી કેન્ટીનના કોન્ટ્રાક્ટરોના પીરસવામાં આવતા ફૂડ-નાસ્તા વગેરેની કમિટીના સભ્યશ્રીઓ દ્વારા મુલાકાત તેમજ ચકાસણી કરીને જરૂર જણાય તો યોગ્ય કોન્ટ્રાક્ટર્સ દ્વારા પ્રેઝન્ટેશન કરાવી જરૂરી સુચનો આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૨૦) પશ્ચિમ ઝોનના નવરંગપુરા વોર્ડમાં આવેલ ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના ટીચર્સ ક્વાટર્સમાં, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પ્રીમાઈસની કોમન જગ્યામાં પેવર બ્લોક નાખવાના કામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ રૂ. ૩૪,૫૪,૭૮૩ નો અંદાજ આપેલ છે. અંદાજ

મંજુરીની વિધિમાં છે. લોકફાળા તરીકે ૨૦% લેખે યુનિવર્સીટી દ્વારા રૂ. ૬,૯૦,૯૫૭ નો ડીડી અંદાજ મંજુર થયેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા કરાવવાનો થશે. મંજુરી અર્થે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨૦) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી કેમ્પસ પરના ટીચર્સ ક્વાટર્સમાં, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કોમન જગ્યામાં પેવર બ્લોક નાખવાની કામગીરી અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજીત ખર્ચ રૂ. ૩૪,૫૪,૭૮૩ ની સામે લોકફાળાની સ્કીમ ૮૦% - ૨૦% હેઠળ યુનિવર્સીટીએ ૨૦% રકમ રૂ. ૬,૯૦,૯૫૭ નો ખર્ચ મંજુર કરવાનું રાખવું અને આ રકમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડીડીથી જમા કરાવીને તેઓ પાસે આ કામગીરી કરાવવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૨૧) કન્સલ્ટન્ટ ઓક્ટર્સ મારફતે ASCON CONSULTANT દ્વારા (1) INFORMATION BUILDING (2) POST OFFICE BUILDING અને (3) ZOOLOGY BUILDING ના સ્ટ્રકચરલ ઇન્સ્પેકશન રીપોર્ટ મળેલ છે. આ રીપોર્ટના મુદ્દા ૪ માં સુચવ્યા પ્રમાણે મકાનો તોડી પાડી નવા બાંધકામ કરવા સલાહભર્યું છે તેમ જણાવે છે. તો આ મકાનોનું વપરાશ ચાલુ રાખવો કે કેમ? તે તેમજ મકાન તોડી પાડવા બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝ્યુકેટીવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કરેલ કન્સલ્ટન્ટ ઓક્ટર્સ દ્વારા સ્ટ્રકચરલ એન્જીનીયર ASCON CONSULTANT નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે જે મુજબ (1) INFORMATION BUILDING (2) POST OFFICE BUILDING અને (3) ZOOLOGY BUILDING તોડી પાડી નવા બનાવવા અંગેના બ્લોક અંદાજ રજૂ કરવા કન્સલ્ટન્ટને જાણ કરવાનું રાખવું. તોડી પાડવાની (Demolition) બાબત આગળની સભામાં વિચારવા મુકવું.

બાબત ક્રમાંક: (૨૨) યુનિવર્સીટી કેમ્પસ પરના શોપીંગ સેન્ટરની દુકાનોના ભાડામાં તા. ૦૧/૦૧/૨૦૧૭ થી કરેલ ભાડા વધારા (રૂ. ૭,૦૦૦+ ટેક્ષ) અંગે ભાડુઆતો દ્વારા તા. ૧૩/૦૨/૨૦૧૭ થી કરેલ અરજીમાં હાલ ભાડા વધારો મુલત્વી રાખવાની

વિનંતી તેમજ યુનિવર્સીટીના બીજા આ પ્રકારે ભાડે આપેલી સવલતોના પુન:વિચાર અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી શોપીંગ સેન્ટરના ભાડુઆતો તરફથી આવેલ અરજીની વિનંતી સ્વીકારી શકાય નહી અને ભાડુઆતોને ફરી પત્ર દ્વારા તાત્કાલિક ભાડાની રકમ યુનિવર્સીટીમાં જમા કરાવવા જણાવવું અને ભાડાની રકમ જમા ન કરાવે તો દુકાન ખાલી કરવાની પણ જાણ કરવી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી એસ્ટેટ વિભાગ દ્વારા કરવી. બેંક, અમૂલ પાર્લર, કાફે વિગેરેના ભાડા સાંપ્રત બજારભાવ પ્રમાણે કરવા જરૂરી કાર્યવાહી કરવી.

બાબત ક્રમાંક: (૨૩) પ્રમુખશ્રીની પરવાનગીથી જે બાબત રજુ થાય તે.

બાબત ક્રમાંક: (૨૩.૧) ગુજરાત યુનિવર્સીટી કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુમાં આવેલ ખુલ્લુ મેદાન કોન્ટ્રાકટર ગાંધી કોર્પોરેશનને પાંચ વર્ષની લીઝ-ડીડથી વાર્ષિક રૂ. ૮,૫૦,૦૦,૦૦૦ (રૂપિયા આઠ કરોડ પચાસ લાખ પૂરા) ભાડેથી વાપરવા આપવામાં આવેલ હતુ. જેની મુદત તા. ૩૧/૦૫/૨૦૧૭ ના રોજ પૂર્ણ થતી હોઇ તે પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨૩.૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીનું કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુનું ખુલ્લુ મેદાન વાપરવા માટે આપવા અંગે સત્વરે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલટન્ટ ઓકટર્સ પાસેથી વિગતવાર ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

બાબત ક્રમાંક: (૨૩.૨) યુનિવર્સીટી કેમ્પસ પરના પાણી પૂરવઠા, વીજ-પૂરવઠા તેમજ ડ્રેનેજની લાઇનો ઘણા વર્ષો જુની તેમજ દિવસે-દિવસે યુનિવર્સીટી કેમ્પસ પર ડેવલોપમેન્ટના ભાગરૂપે થયેલ નવા મકાનોના બાંધકામ વગેરેને ધ્યાને લઇને નવેસરથી સુધારા-વધારા કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨૩.૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ પરના અત્યંત જરૂરી એવા પાણી-પૂરવઠા, વિજ-પૂરવઠા તેમજ ડ્રેનેજની લાઇનો અંદાજે ૪૦ થી ૫૦ વર્ષ જુની હોવાથી તેમજ યુનિવર્સીટી કેમ્પસ પર થઇ રહેલા વિકાસના કામો જેવા નવા મકાનોના બાંધકામના કારણે ઉપરોકત પાયાની જરૂરિયાતની સુવિધાઓની અન્ડર ગ્રાઉન્ડ લાઇનોમાં સુધારા-વધારા કરવા

અત્યંત અગત્યનું હોઈ સત્વરે યુનિવર્સીટી દ્વારા નિયુક્ત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી વિગતવાર પ્લાન, અંદાજો તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી, આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક: (૨૩.૩)** યુનિવર્સીટી કેમ્પસ પરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતેના જીમ્નેશીયમ હોલના રીનોવેશનની કામગીરી અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તૈયાર કરેલ અંદાજીત ખર્ચ રૂ. ૪૪,૦૭,૭૭૫ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક: (૨૩.૩)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સીટી જીમ્નેશીયમ હોલના રીનોવેશનની કામગીરી અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ દ્વારા તૈયાર કરેલ અંદાજીત ખર્ચ રૂ. ૪૪,૦૭,૭૭૫ મંજુર કરવાનું રાખવું અને આ કામગીરી અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી ઈ-ટેન્ડર દ્વારા આગળની કાર્યવાહી કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક: (૨૩.૪)** યુનિવર્સીટી કેમ્પસ પરના નીચેના મકાનોના બાંધકામ/રીપેરીંગ/રીનોવેશન કરાવવાની કામગીરી પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

(1) GUSEC BUILDING (2) CPDR BUILDING (3) LIFE SCIENCE BUILDING (4) B. K. SCHOOL (5) FOOD COURT AND CANTEEN BUILDING (6) ANALYTICAL CHEMISTRY BUILDING (7) RENOVATION OF TOILETS (REMAINING WORK) OF ALL BUILDINGS IN UNIVERSITY (8) PROFESSIONAL STUDY BUILDING.

**ઠરાવ ક્રમાંક: (૨૩.૪)** જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત વિવિધ મકાનોના સંદર્ભમાં આઠ બાબતોના બાંધકામ/રીપેરીંગ/રીનોવેશનની કામગીરી કરવા અંગે યુનિવર્સીટી દ્વારા નિયુકત કરેલ કન્સલ્ટન્ટ ઓકટર્સ પાસેથી આ કામોના વિગતવાર પ્લાન, અંદાજો તેમજ ટેન્ડર મુસદ્દો તૈયાર કરાવી આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

સભાનું કામકાજ પૂર્ણ થતા કા. કુલસચિવશ્રીએ સૌનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

કા. કુલસચિવ